# છેલ્લા ત્રણ દિવસમાં ૬૦ લાખથી વધુ મિલ્કત વેરો ભરાયો : ૩૦મી સુધી મુદત લંબાવાઈ


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં જ રૂ. ૬૦ લાખથી વધુની મિલકતવેરાની વસુલી મેળવી છે જે તેને મેળવેલી આવકમાં સૌથી વધુ છે.

આજે ગાંધીનગર મહાનગરપાલિકાને મિલ્કત વેરા પેટે રૂ. ૩૦ લાખથી વધુ આવક થઈ હતી જે ગઈકાલે થયેલ રૂ. વીસ લાખની આવક કરતાં ૧૦ લાખ વધુ છે.

મિલ્કત વેરાની વસુલીમાં જેમ જેમ બિલો ભરવાની અંતિમ તારીખ નજીક આવી રહી છે તેમ તેમ તેની વસુલાતની અસરકારકતા વધતી જાય છે. કોર્પોરેશને અત્યાર સુધીમાં રૂ. ૨.૫૦ કરોડ જેટલી વસુલાત આ વેરા પેટે કરી લીધી છે.

દરમ્યાન સને-૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ના મિલકત વેરાના બીલો આકારણીના નિયમો મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૧ થી ૫ના રહેવાસીઓને મોકલવામાં આવેલ. મિલ્કત વેરાના બિલોના નાણાં સ્વીકારવાની છેલ્લી તારીખ તા. ૧૩-૯-૨૦૧૨ રાખવામાં આવેલ હતી. પરંતુ વેરાના નાણાં ભરવાના ઘસારા તથા લોકલાગણીને ધ્યાને લઈ મિલકતવેરો ભરવાની છેલ્લી તારીખ ૧૩-૯-૨૦૧૨ના બદલે તારીખ ૩૦-૯-૨૦૧૨ સુધી આથી જાહેર હીતમાં લંબાવવામાં આવે છે. આ તારીખ સુધી નાણાં ભરનાર પાસેથી નોટીસ ફીના રૂપિયા બે વસુલ કરવામાં આવશે નહી તેમ મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર શહેરમાં પર્યુષણ મહાપર્વની ઉજવણીનો પ્રારંભ


## જૈન દેરાસરો શણગારાયા : આઠ દિવસ સતત ચાલનાર તપનો પર્વનો મંગલ પ્રારંભ : પ્રવચન અને પ્રતિક્રમણમાં જૈન પરિવારોની મોટી હાજરી

ગાંધીનગર, તા. ૧૨

આજથી જૈનોના પવિત્ર પર્યુષણ મહાપર્વનો આગમન થઈ ચુક્યુ છે. આજથી તેમના પ્રવચનો અને પ્રતિક્રમણનું આયોજન થઈ રહ્યું છે. દરરોજ સવાર-સાંજ યોજાતા આ કાર્યક્રમોમાં જૈન શ્રાવકો મોટી સંખ્યામાં હાજરી આપી રહ્યા છે. સેક્ટર-૨૨ના દેરાસરમાં પર્યુષણ પર્વ દરમ્યાન દરરોજ ૪૦૦-૫૦૦ શ્રાવકો ઉપસ્થિત રહી ક્ષમાપનાના આ પર્વની ઉજવણી કરશે.


(તસવીર : દિપક જાની)

આ વર્ષે પર્યુષણ પર્વની વિશેષતા એ છે કે વર્ષો બાદ પર્યુષણ પર્વનો પ્રારંભ પુષ્પ નક્ષત્રથી થઈ રહ્યો છે. જે આધ્યાત્મિક રીતે શ્રેષ્ઠ પ્રારંભ થયો છે. આ મહાપર્વને વધાવવા માટે ગાંધીનગરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ પર્વ પ્રસંગે આજથી દેરાસરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ થઈ ચુક્યો છે.



પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ પાપનો ક્ષય અને પુણ્યની વૃદ્ધિ માટેનું પર્વ છે. આ પર્વ દરમ્યાન દેરાસરોમાં ઉત્સવનું વાતાવરણ સર્જાય છે. આઠ દિવસ સુધી સતત ચાલનારા આ પર્વ દરમ્યાન દેરાસરોમાં સવાર-સાંજ પૂજા, પ્રવચનો તથા પ્રતિક્રમણનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરના સેક્ટર-૩, સેક્ટર-૭, સેક્ટર-૨૨, સેક્ટર-૨૪ અને બોરીજના દેરાસરમાં પર્યુષણ પર્વની ઉલ્લાસભેર ઉજવણી થશે. દેરાસરોમાં ગુરૂ ભગવંતો, સાધ્વીઓનું કહેવામાં આવે છે. તા. ૧૬મીએ મહાવીર જન્મ વાચન થશે જ્યારે તા. ૧૯મીએ સંવત્સરી પર્વ સાથે પર્યુસણની સમાપ્તિ થશે. ગાંધીનગરના કેટલાક જૈન વેપારી મિત્રો સંવત્સરીના દિવસે કામ ધંધા બંધ રાખી પર્યુષણની ઉજવણીમાં ઉલ્લાસભેર જોડાશે.

# શહેરમાં ખેતીવાડી તાલીમ કેન્દ્ર માટે નવું બિલ્ડીંગ બનાવાશે

## એક માળના બિલ્ડીંગ માટે રૂા. ૩ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૧૨

સે. ૧૦માં કૃષિભવન પાછળની ખુલ્લી જગ્યામાં ખેડૂતો માટે ખેતીવાડી તાલીમ કેન્દ્ર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. રૂ. ૩ કરોડના ખર્ચે એક માળનું નવીન બિલ્ડીંગ બનાવવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે.

શહેરમાં નવા બિલ્ડીંગોના નિર્માણને અનુલક્ષી તંત્ર દ્વારા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સે. ૧૬માં મીડીયા સેન્ટર તેમજ સે. ૧૫માં મહિલા આઈ.ટી.આઈ.ના નવીન બિલ્ડીંગનું કામ પણ ટૂંકમાં શરૂ ધરવામાં આવનાર છે. જ્યારે સે. ૧૦માં પણ ખેતીવાડી બિલ્ડીંગનું કામ ટૂંકમાં શરૂ કરવામાં આવનાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કૃષિભવન પાછળ ખેતીવાડી તાલીમ કેન્દ્રનું મકાન બાંધવામાં આવશે. ખેડૂતોને જરૂરી તાલીમ આપવા નિર્માણ પામનારા આ બિલ્ડીંગ પાછળ અંદાજિત રૂ.૩ કરોડનો ખર્ચ થશે. ગત બજેટમાં આ કામગીરીને અનુલક્ષી ખર્ચની જોગવાઈ કરવામાં આવી હતી. ૫૦ બાય ૧૦૦ મીટરની જગ્યાઓ બિલ્ડીંગનું કામ હાથ ધરવા વિભાગ કક્ષાએથી વહીવટી મંજુરી આપી દેવાઈ છે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે ત્યારબાદ ખેતીવાડી તાલીમ કેન્દ્રના નવા બિલ્ડીંગનું કામ શરૂ કરાશે.

# ક-માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનનું કામ ત્વરિત પૂર્ણ કરવા દરખાસ્ત

## ટ્રાફિકથી ધમધમતા આ માર્ગની ભૌગોલિક સ્થિતિનો તંત્રએ અભ્યાસ કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ટ્રાફિકથી ધમધમતા ક-માર્ગનું ધોવાણ અટકાવવા ક-૬ થી ક-૭ના



વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવા દરખાસ્ત કરવામાં આવી છે. તંત્ર દ્વારા રજૂ કરાયેલી દરખાસ્તમાં માર્ગની ભૌગોલિક સ્થિતિને ધ્યાને લઈ આ કામ ત્વરિત હાથ ધરવા પણ સૂચવાયું છે.

શહેરમાં સ્ટોર્મવોટર લાઈનના અભાવે ચોમાસા દરમિયાન ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. શહેરના અમુક જ સેક્ટરોમાં હજુ સુધી વરસાદી પાણીના નિકાલની કામગીરી પૂર્ણ થઈ છે. જ્યારે અન્ય સેક્ટરોમાં આ કામ હાથ ધરવા પણ વિભાગને દરખાસ્ત રજૂ કરાઈ છે. આવા સંજોગોમાં નગરના ક-માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનના અભાવે માર્ગને નુકશાન થતુ હોવાનું તંત્રના ધ્યાને આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઉત્તર ગુજરાત તરફ જતા ટ્રાફિકને શહેરી વિસ્તારમાં પ્રવેશબંધી ફરમાવતા મોટાભાગમાં હેવી ટ્રાફિક ક-માર્ગ પર ડાયવર્ડ થયો છે. ઔદ્યોગિક વિસ્તારમાંથી પસાર થતા આ માર્ગ પર ખાસ કરીને ક-૫ થી ક-૭ના વિસ્તારમાં પાણીનો ભરાવો થતો હોવાથી માર્ગને નુકશાન થઈ રહ્યું છે. જ્યારે પાણી નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી રસ્તા પર પેચીસ અસ્તિત્વમાં આવ્યા છે. વરસાદી પાણીથી માર્ગનું ધોવાણ થતુ અટકાવવા સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.


(તસવીર : દિપક જાની)
ફાયર બ્રિગેડના વાહનોનું લોકાર્પણ

# ઈજનેરી-ફાર્મસીમાં ૧૨ નવે.થી શિયાળુ વેકેશન

અમદાવાદ, તા. ૧૨

ટેકનીકલ શિક્ષણ કમિશ્નર દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મૂજબ ડિગ્રી એન્જિ., ફાર્મસી, ડિપ્લોમાં ઈજનેરી, અને ફાર્મસી કોલેજોમાં આગામી શિયાળુ વેકેશન તા. ૧૨મી નવેમ્બર થી તા. પહેલી ડિસેમ્બર દરમિયાન એટલેકે ત્રણ અઠવાડિયા રહેશે. પરિપત્રમાં જણાવાયું છે કે જાહેર કરવામાં આવેલા વેકેશન દરમિયાન પરીક્ષાના સંચાલન અને મૂલ્યાકંનના કાર્ય માટે જરૂરી શૈક્ષણિક કર્મચારીઓને રોકવા તેમજ જરૂરી સમયબધ્ધ આયોજન કરવા માટે અને સંસ્થાઓમાં પરીક્ષાની કામગીરી અન્વયે સંબધિત વેકેશન સ્ટાફને ફરજિયાત રોકાણ કરવામાં આવે તો સંસ્થાઓના વડાઓએ તેવા સ્ટાફ મેમ્બરાની યાદી કમિશ્નર કચેરીને વેકેંશન પૂર થયા બાદ તુરત જ મોકલી આપવાની રહેશે.

# જિલ્લાના વધુ એક પોલીસ સ્ટેશનમાં આરોપીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

## તાજેતરમાં કસ્ટોડીયલ ડેથનો ત્રીજો બનાવ : કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં કેબલ ચોરીના આરોપીએ લોક-અપમાં આપઘાત કર્યો

કલોલ, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગત રાત્રીએ કેબલચોરીના ગુનામાં ઝડપાયેલા આરોપીએ પોતાના શર્ટને લોકઅપના દરવાજે બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. કસ્ટડીયલ ડેથ સંદર્ભે કલોલ શહેર પોલીસે ગુનો દાખલ કરી કલોલ ડીવાયએસપી કે.એસ. સવાણીએ તપાસ આરંભી છે. આરોપીએ આપઘાત કયાં કારણોસર કરવો પડયો તે સહીતની બાબતોની તપાસ કરી પોલીસ સ્ટેશન ઓફીસર વિરૂધ્ધ શિક્ષાત્મક પગલા લેવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં આરોપીઓના આપઘાતનો ગણતરીના દિવસોમાં ગત રાત્રિએ ત્રીજો બનાવ બનતા પોલીસ સિવાય પ્રજામાં પણ આ ગંભીર બાબત ચર્ચાનો વિષય બની છે.

આરોપી સાથે ખરેખર પોલીસનું સખત ટોર્ચરીંગ છે કે અન્ય કોઈ કારણોસર તેઓએ લોકઅપમાં જ આત્મહત્યા કરી લે છે તે તો એક તપાસનો વિષય છે પરંતુ દહેગામ પોલીસ સ્ટેશન બાદ ડભોડા પોલીસ સ્ટેશનમાં થયેલા કસ્ટડીયલ ડેથના કિસ્સા બાદ જિલ્લાના કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં વધુ એક આવો કિસ્સો ચિંતાજનક બન્યો છે. કલોલના ધમાસણા ગામે વિક્રમ પટેલના ખેતરમાં રહેતો અને મુળ બનાસકાંઠાનો વતની ૪૫ વર્ષીય સનુભા બચુભા વાઘેલા તથા અન્ય એક મળીને બે જણા કેબલ ચોરીના ગુનામાં કલોલ તાલુકા પોલીસના હાથે ઝડપાયાં હતાં. કોર્ટમાં રજુ કરતા કોર્ટે આજે બપોર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતાં. આજે બપોરે રિમાન્ડ પુરા થાય તે પહેલા જ ગત રાત્રિએ બે કેબલચોરો પૈકી એક સનુભા વાઘેલાએ કોઈ કારણોસર લોકઅપ રૂમમાં જ પોતાની શર્ટની બાંય દરવાજે બાંધીને ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. આ સમયે પી.એસ.ઓ. તરીકે બળવંતસિંહ ફરજ બજાવી રહ્યા હતાં. કલોલ તાલુકા પોલીસ સ્ટેશન કલોલ સીટી પોલીસ સ્ટેશનની હદમાં આવતું હોવાથી કલોલ સીટી પોલીસ મથકે કસ્ટડીયલ ડેથ અંગે ગુનો દાખલ કરી ડીવાયએસપી કે.સી. સવાણીએ તપાસ શરુ કરી છે. તેમના જણાવ્યા મુજબ આ ગુનામાં તપાસ કરીને જવાબદાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

**જોઈએ છે**
M.A. B.Ed.- અંગ્રેજી, ગુજરાતી
PTC/Pre PTC/ B.Sc., B.Ed.
શિક્ષકો જોઈએ છે
સમય : સવારે ૮ થી ૧૦
રૂબરૂ મળો તા. ૧૩/૧૪-૯-૧૨
સ્થળ : જયપ્રકાશ વિદ્યાલય
સેક્ટર-૨૬, ગાંધીનગર.
મો. : ૯૪૨૬૦૪૮૪૫૮













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com